Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.9, Issue.1 No.16

Impact Factor: 6.89
Quarterly
January to Feb - 2024

# કેળવણી જીવન માટે હોય છે.

ડો.પ્રિતીબહેન કે.પટેલ

કેળવણી જીવન માટે હોય છે અને એટલે તે જીવનની સાથે અતૂટપણે સંકળાયેલી છે, એ વાત આપણે હવે સ્વીકારી છે. આટલો સ્વીકાર કર્યા પછી કેળવણીની ચાલુ પ્રણાલિકા તરફ આપણી નજર જવા લાગી છે અને આપણે સમજવા લાગ્યા છીએ કે આજે અપાતી કેળવણી તે જીવનની કેળવણી નથી. આજની કેળવણીની પ્રથામાંથી મનુષ્ય જીવન પાંગરતું નથી, આપણે જેને કેળવાયેલો ગણીએ તેવો માણસ આજની કેળવણીથી તૈયાર થઈ બહાર પડયો હોય તેવું જોવા મળતું નથી.. આથી ઉલટું આજે તો હવે એવી બુમો ઉડવા લાગે છે કે આજની કેળવણી જીવનને પોષક નહી, પરંતુ વિધાયક દેખાય છે, પ્રાથમિક શિક્ષણથી લોકોને સંતોષ થતો નથી, માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થી માટે જીવનનું કોઈ ચોક્કસ માર્ગ દર્શન નથી, અને ઉચ્ચ શિક્ષણ ચારિત્ર્યનું ઘડતર કરી શકે કેમ એ વિષયમાં શંકા ઉઠવા લાગી છે. જીવનની કેળવણીને સર્વાંગી સ્વરૂપની કેળવણી ગણીએ તો કેળવણી લેનારનાં બુધ્ધિ સિવાયના બીજા બધા અંગો વિકાસના અભાવે ભૂખે મરે છે તેમ કહેવું જોઈએ. બુધ્ધિનો વિકાસ પણ કોઈ સંસ્કારી પ્રદેશમાં વિહાર કરી શકે તેવો બનતો હોય તેવું પણ જણાતું નથી. આજની કેળવણી તે જીવનની કેળવણી નથી, આ પરિસ્થિતિ આપણને એવું સૂચન કરી જાય છે.

ત્યારે જીવનની કેળવણી એટલે શું? જીવનની કેળવણી એટલે કેળવણીના પ્રયત્નો દ્વારા ભણનારના જીવનના તમામ અંગોનો વિકાસ થાય તે. આપણે સમજીએ છીએ કે કેવળણી લેનારને શરીર છે મન છે, બુધ્ધિ છે, હૃદય છે. આ પૈકી આજે માત્ર બુધ્ધિની કેળવણી સ્પર્શવા આવે છે. હમણાં હમણાં શારીરિક કેવળણી તરફ લક્ષ ગયું છે ખરું, પરંતુ તેને તો શિક્ષણની એક ઈતર પ્રવૃતિ ગણીને જીવન વિકાસ માટે અનુબંધનથી વંચિત રાખી છે. મનની કે હૃદયની કેળવણી માટે વિજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ અને માનવતા ભર્યું હૈયું જોઈએ, તે આજના કેળવણીકારના જીવનમાં દેખાતું નથી. બુધ્ધિનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી ભવિષ્યમાં બુધ્ધિનું રાક્ષસીપણું મેળવી બુધ્ધિનો દુર ઉપયોગ કરતો દેખાય છે. શરીરની કેળવણી કાંતો કુશ્તીબાજો પેદા કરે છે, કાંતો હરીફાઈ દ્વારા એકબીજા માટે દ્વેષ, વેર, ઝેર પેદા કરાવે છે. ભણનાર વિદ્યાર્થીના માનસિક વલણો કંઈ દિશામાં વહેતા હોય છે, તેનો ભણનારને ખ્યાલ હોતો નથી, અને તેથી માનસિક વિકૃતિઓમાંથી વિદ્યાર્થીને બચાવી લેવાનું અને મનના વહેણોને સંસ્કૃતિ તરફ વળવાનું કામ કેળવણી આપનાર કરી શકતો નથી. હૃદયની સારી-માંથી ઉર્મિયો માણસ પાસે કેવા કેવા કામો કરાવી શકે છે, તેની સાચી સમજણ નહી હોવાથી ભણનારની પ્રવૃતિને આવેગોને સાચા માર્ગે વાળી શકવાનું બની સકતું નથી.

તેમાં સૌથી મોટો દોષ આપણો જ છે. માતાપિતા પોતાના સંતાનોને ઉત્તમ સંસ્કારોરૂપી ખાતર, પાણી આપતાં નથી, તેમના સ્વસ્થ વિકાસ માટે જરૂરી વાતાવરણ પુરું પાડતા નથી, બાળકોને પ્રદુષિત અને નકારાત્મક વાતાવરણ મળે છે. તેના પરિણામે આજના મોટાભાગના વિદ્યાર્થીઓ નકારાત્મક માનસિકતા સાથે જીવી રહ્યા છે, આજની શિક્ષણ પધ્ધતિમાં નવી પેઢીને સંસ્કાર મળે તેવી કોઈ વ્યવસ્થા જ નથી. એના પરિણામે આજનું શિક્ષણ મૂલ્યહિનતા વધારનારું બની ગયું છે. આજે માણસની પાસે જે છે તે તેને ઓછું લાગે છે, અને તે બહાર સુખ શોધી રહ્યા છે. એના પરિણામે સમાજમાં વિકૃતિ વધી રહી છે,

આજે પરિવારો તુટી રહ્યા છે અને લોકોની પોતાની જવાબદારીઓથી દુર ભાગી રહ્યા છે, સંયુક્ત પરિવારોની પરંપરા ધ્વસ્ત થઈ રહી છે. માતાપિતા વૃધ્ધાવસ્થામાં નિરાધાર થઈ રહ્યા છે, ફ્લેટમાં એકલ પરિવારો રહે છે. બાળકો માતાપિતાના પ્રેમ માટે તરસે છે, નોકરો, આયાઓ તથા ડ્રાઈવરોના સહારે ઉછરી રહી છે, પછી તેની પાસે શી આશા રાખી શકાય ? પરિવારો તુટવાના કારણે નવી પેઢી એકલી પડી જાય છે, નવી પેઢી અંગ્રેજી માધ્યમમાં ભણેલા યુવાનો પોતાની માતૃભાષા બોલવામાં શરમ આવે છે. આપણા મન ઉપર ઈન્ટરનેટ જેવી અસર થાય છે તેના વિશે નિકોલસ કારે ધ શેલોજલ્લામનું એક પુસ્તક લખ્યું છે. તેને પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદ પણ કરવામાં આવ્યું હતું, લેખકને માનવુ છે કે ઈન્ટરનેટ માણસને ધુની તથા તણાવગ્રસ્ત કરી દે છે. આજના યુવાનો ભૌતિકવાદની આંધળી દોડમાં અટાવાઈ ગયા છે, પશ્ચિમના દેશો જેવો પહેરવેશ અને સંસ્કૃતિ અપનાવતાં તેને કોઈ સંકોચ થતો નથી.

આજના કિશોરો પણ ૧૪-૧૫ વર્ષની ઉંમરમાં જ ડ્રગ્સના રવાડે ચઢી જાય છે અને હત્યા તેઓ ડિસ્કો ડાન્સ કરવા ટેવાઈ જાય છે. સમય ખૂબ ઝડપથી બદલાઈ રહ્યો છે. તેની સાથે પરંપરાઓ પણ બદલાઈ રહી છે. નૈતિક મૂલ્યો પ્રત્યેની આસ્થા ઘટી રહી છે, પહેલાં કરતાં સમાજનું તથા દેશનું વાતાવરણ સાવ બદલાઈ રહ્યું છે, યુવા પેઢી પર તેની સૌથી વધારે અસર થઈ રહી છે, યુવા પેઢીમાં આજે ધાર્મિક પ્રવૃતિઓ તથા સમાજિક કાર્યો પ્રત્યે ઉદાશીનતા જોવા મળે છે. આ વિષમ સમયમાં યુવાઓ અને તેમના માતા-પિતાએ ચેતી જવાની જરૂર છે.

જો તેઓ વેળાસર નહિ જાગે તો બહુ મોડું થઈ જશે અને યુવા પેઢી કાબુ બહાર જતી રહેશે. યુવાઓને આપણી સંસ્કૃતિ, ધર્મ તથા નૈતિક મૂલ્યોની જરૂર છે, જેથી તેઓ જાગૃત બને અને પોતાનું જીવન ઘડતર કરીને દેશના શ્રેષ્ઠ નાગરિક બને, તેઓ પોતાનામાં રહેલી શક્તિઓને ઓળખીને સર્વાંગી વિકાસ સાધી શકે.

**લિ.**

**ડો.પ્રિતીબહેન કે. પટેલ ૫૮,**
તિરૂપતિસોસાયટી,
મુ.પો.તા. ભિલોડા,
જિ.અરવલ્લી,
મો.૭૦૪૬૨૦૬૭૬૭